ઘોઘંબાના મહે. એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ  સાહેબની કોર્ટમાં

**ક્રિ.કેસ નં. ૩૨૧/૨૦૨૬**

**ફરીયાદી :** શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી :** રાજીવકુમાર જૈન, ગુજરાત ફલોરો કેમીકલ્સ લી, રણજીતનગર

**ગુન્હો :** **રાજગઢ પો. સ્ટે. નો.કો.નં.૦૨/૨૦૨૩, ભા.પો.અધિ. ૧૯૧૯ ની કલમ –૬ તથા ગુજરાત પોઈઝન ( વેચાણ નિયમન અને નિયંત્રણ ) નિ. ૨૦૧૪ ની કલમ–૨૦ મુજબ**

આ કામના આરોપી સામે તા. ૧૦/૦૪/૨૦૨૩ ના રોજ ફરિયાદી દ્વારા ભારતીય પોઈઝન અધિનિયમ ૧૯૧૯ ની કલમ ૬ તથા ગુજરાત પોઈઝન વેચાણ (નિયમન અને નિયંત્રણ ) નિયમ ૨૦૧૪ ની કલમ ૨૦ મુજબ ફરિયાદ કરવામા આવેલી જે ફરીયાદના કામે રાજગઢ પોલીસ સ્ટેશનમા નોન કોગ્નીઝેબલ ગુનો રજીસ્ટર કરવામા આવેલ અને અત્રેની અદાલત સમક્ષ સી.આર. પી. સી.ની કલમ ૧૫૫ અન્વયે તપાસ કરવા માટે પરવાનગી મેળવી તારીખ:– ૧૭/૧૦/૨૦૨૩ ના રોજ આરોપી રાજીવ કુમાર જૈન સામે ભારતીય પોઈઝન અધિનિયમ ૧૯૧૯ ની કલમ ૬ તથા ગુજરાત પોઈઝન વેચાણ ( નિયમન અને નિયંત્રણ )

નિયમ ૨૦૧૪ ની કલમ ૨૦ મુજબ ચાર્જશીટ થતા ફોજદારી કેસ નંબર ૩૨૧/૨૦૨૬ થી અત્રેની અદાલત સમક્ષ રજુ કરવામા આવેલ છે, અને આરોપીએ ગુનાની કબુલાત કરેલ છે, જેથી આરોપીને સમવજાવવામા આવેલ છે કે, ગુનાની કબુલાત કરવા તે બંધાયેલા નથી, તેમ છતા તેમની મબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપી તરફે કરવામા આવેલ કબુલાત ખરી કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાતરી થતા તે મંજુર કરવામા આવેલ છે , અને આરોપી તેમની સામેના અક્ષેપિત ગુન્હા મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામા આવે છે.

(૨) આ કામે આરોપી સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલ કરેલ છે તે સંજોગોમા નામ. ગુજરાત હોઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરલાલ હરખચંદજી ઠાકોર–૨૦૦૫ જી.એલ.આર. પાના નં. ૭૦૯ થી નોધાયેલ ચુકાદામા ઠરાવેલછે કે, જો આરોપીનો પ્રથમ ગુન્હો હોય અને હળવી સજા કરવા માટે પુરણા કારણો જણાવઈ આવતા હોય તો, કોર્ટ કાયદામા ઠરાવેયલ લઘુત્તમ સજા કરતા પણ ઓછી સજા ફરમાવી શકે છે.

(૩) આ કામે આરોપી સામે ગુજરાત પોઈઝન વેચાણ ( નિયમન અને નિયંત્રણ) નિયમ–૨૦૧૪ ની કલમ ૨૦ ધ્યાને લેવામા આવે તો તેનો જો ભંગ કરે તો કલમ –૬ મુજબની સજા લાગુ પડે છે. ભારતીય પોઈઝન અધિનિયમ ૧૯૧૯ ની કલમ ૬ ધ્યાને લેતા મહત્તમ સજાની જોગવાઈ–૩ મહિના સુધી કેદ અથવા રૂપિયા ૫૦૦/– નો દંડ અથવા બંન્ને પ્રકારની જોગવાઈ છે જેથી ભારતીય પોઈઝન અધિનિયમ ૧૯૧૯ ની કલમ ૬ તથા ગુજરાત પોઈઝન વેપાણ ( નિયમન અને નિયંત્રણ)

નિયમ –૨૦૧૪ની કલમ –૨૦ શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન ઠરાવી રૂપિયા ૫૦૦/– નો દંડ ફરમાવવામા આવે છે અને દંડ ન ભરે તો દિવસ –૧ ની સજા કરવામા આવે છે.

હુકમ આજ રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૩/૨૦૨૬
સ્થળ: ઘોઘંબા

( હરેશ શમામમળાભાઈ લાંગા)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
ઘોઘંબા
યુનિક કોડ નં. જીજે૦૧૦૦૦